શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૭ • અંક : ૦૫
મે : ૨૦૨૫



રથયાત્રા વિશેષાંક - ૧

માનવતાની મહેક પ્રસરાવતા SGVP ગુરુકુલ પરિવાર દ્વારા અમદાવાદ, રાજકોટ, દ્રોણેશ્વર વગેરે સંસ્થાઓમાં અગિયાર હજારથી વધુ જોડી ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં અઢીસો ઉપરાંત સ્વયંસેવકો જોડાયા હતા.

SGVP ખાતે યોજાયેલ બાલ સત્સંગ શિબિરમાં પાંચસો ઉપરાંત દીકરા-દીકરીઓએ સાત દિવસ સુધી ગુરુકુલમાં રહીં સંસ્કાર સાથે આનંદ પ્રાપ્ત કર્યો હતો. પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોએ સત્સંગનાં પીયૂશ પાયા હતા.



ગુજરાત ફૂટબોલ ક્લબ ટૂર્નામેન્ટમાં SGVP ક્લબની ટીમ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ચેમ્પિયન બની હતી

ગુજરાત સાહિત્ય અકાદમી તથા SGVP દર્શનમ્ શોધ કેન્દ્ર દ્વારા આયોજિત હસ્તપ્રત વાંચન-લેખન કાર્યશાળાનું ઉદ્ઘાટન

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

વર્ષ-૧૭, મે : ૨૦૨૫, અંક : ૦૫

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

રથ બૈઠે ઘનશ્યામ ....

રથ બૈઠે ઘનશ્યામ,
દેખો માઈ રથ બૈઠે ઘનશ્યામ;
સુંદર શ્યામ સુજાન સાંવરો,
સંતન કો અભિરામ. દેખો૦ ૧
રતન જડે રથ ચક્ર અલૌકિક,
જાળી મુકતાદામ;
નીરખી છબી વ્રજરાજ કુંવર કી,
લાજત કોટિ કામ. દેખો૦ ૨
કહાન કુંવર કું દેખન કારન,
મિલ આયે સબ ધામ;
રથ કી શોભા નીરખી બઢ્યો હે,
આનંદ ગોકુળ ગામ. દેખો૦ ૩
જોર મસ્ત સુંદર હય જોરે;
બાગે હીર લગામ;
બ્રહ્માનંદ એ હી મૂરતિ કો,
ધ્યાન રહો સબ જામ. દેખો૦ ૪

અનુક્રમણિકા

૧.	ભગવાન જગન્નાથજીનું મહાદારુરૂપે પ્રાગટ્ય	૦૪
૨.	ભગવાનની મૂર્તિઓ અધૂરી રહી !	૦૬
૩.	અધૂરી મૂર્તિઓની અદ્‌ભુત કથા !	૦૮
૪.	જગતના નાથ જગન્નાથ !	૦૯
૫.	ભાવના ભૂખ્યા જગન્નાથ !	૧૦
૬.	અજોડ રથયાત્રા મહોત્સવ !	૧૧
૭.	પરીક્ષા પરિણામ	૧૩
૮.	સત્સંગ કિલ્લોળ	૧૫
૯.	સમાચાર દર્શન	૧૬

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

: રથયાત્રા :
કથા અને ઇતિહાસ

- સ્વામી માધવપ્રિયદાસ

ભગવાન જગન્નાથજીનું મહાદારૂરૂપે પ્રાગટ્ય

ભારતવર્ષમાં ચાર ધામ સુપ્રસિદ્ધ છે; પૂર્વમાં જગન્નાથપુરી, પશ્ચિમમાં દ્વારિકા, ઉત્તરમાં બદરીધામ અને દક્ષિણમાં રામેશ્વરમ્ ધામ. આ ચારેય ધામે સમગ્ર ભારતવર્ષને ધાર્મિક દૃષ્ટિએ એક ચાદરની જેમ ગૂંથી લીધું છે.

પૂર્વના તીર્થનાં શ્રીક્ષેત્ર, પુરુષોત્તમપુરી, જગન્નાથપુરી, શંખક્ષેત્ર, નીલમાધવ વગેરે અનેક નામો છે. લોકો એને સંક્ષેપમાં 'પુરી' પણ કહે છે.

સ્કંદપુરાણ વગેરે ગ્રંથોમાં જગન્નાથપુરીમાં બિરાજમાન ભગવાન જગન્નાથજીની પ્રાચીન અને વૈવિધ્યભરી કથાઓ છે.

યુગો પહેલા મહારાજ ઈન્દ્રદ્યુમ્ન થયા, તેઓ પરમ વિષ્ણુ ભક્ત હતા. એમના રાણીનું નામ ગુંડીચાદેવી હતું, તેઓ પણ પરમ ભક્તિમતી હતા. બન્નેએ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન માટે અનેક અશ્વમેધ યજ્ઞ કર્યા હતા.

એમની આરાધનાથી પ્રસન્ન થઈને ભગવાને આકાશવાણી દ્વારા કહ્યું હતું કે, "તમને હમણાં તો અમારાં સાક્ષાત્ દર્શન નહીં થાય, પરંતુ દ્વાપરયુગના અંતે પૂર્વ સાગરને કિનારે નીલમાધવ ક્ષેત્રમાં અમે તમને 'ચતુર્ભુજ મહાદારૂ' રૂપે દર્શન આપીશું." મહાદારૂ એટલે નીમ્બવૃક્ષનું લાંબું જાડું કાષ્ઠ.

સમય પસાર થતો ગયો, યુગો ઉપર યુગો વીતતા ગયા, બેય પવિત્ર આત્માઓએ દ્વાપરયુગના અંતે પૃથ્વી ઉપર જન્મ ધારણ કર્યો, મહારાજ ઈન્દ્રદ્યુમ્ન માળવાના રાજા થયા, એમની રાજધાનીનું નામ અવંતિ અર્થાત્ ઉજ્જૈન હતું.

સેંકડો યુગો વીતવા છતાં રાજા-રાણીનાં અંતરમાં પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શનની ઝંખના ઝાંખી થઈ નહોતી.

એક વાર ભગવાન શ્રીવિષ્ણુની પૂજા કરતાં કરતાં મહારાજ ઈન્દ્રદ્યુમ્નને થયું, 'ધરતી ઉપર કયું એવું પવિત્ર ક્ષેત્ર હશે કે જ્યાં આરાધના કરવાથી હરિદર્શન સુલભ બને?'

એ જ સમયે તીર્થયાત્રાળુઓની એક મંડળી આવી, એમાં એક જટાધારી સાધુ હતા. એમણે કહ્યું, "પૂર્વ દિશામાં સાગરકિનારે એક પ્રદેશ છે, એનું નામ ઉત્કલ છે, આ પ્રદેશમાં સ્વર્ણરેખા અને મહાનદી બંગાળના ઉપસાગરને મળે છે, બન્ને નદીઓના સાગર સાથેના સંગમસ્થળે એક સુંદર શંખ આકારનો દ્વીપ છે."

"સમગ્ર દ્વીપ સઘન વનથી છવાયેલો છે. દ્વીપના મધ્યભાગે એક નાનો નીલાંચલ પર્વત છે, પર્વતની સમીપે અક્ષયવટ છે. પ્રલય સમયે સમગ્ર ધરતી ઉપર પાણી ફરી વળ્યાં હતાં, ત્યારે માર્કંડેય મુનિને આ પવિત્ર સ્થળે વટપત્રશાયી ભગવાન શ્રીવિષ્ણુનાં દર્શન થયાં હતાં. ચિરંજીવી માર્કંડેય મુનિ આજે પણ આ સ્થળે રહીને ભગવાન શ્રીવિષ્ણુની આરાધના કરે છે."

"નીલાંચલ પર્વતની વ્યાઘ્રગુફામાં ભગવાન શ્રીવિષ્ણુ ઈન્દ્રકાંત નીલમણિના રૂપમાં બિરાજમાન છે, એમનું નામ નીલમાધવ છે, એટલે આ ક્ષેત્ર પણ નીલમાધવ ક્ષેત્ર કહેવાય છે."

"આ દ્વીપમાં શબર (ભીલ) લોકોની વસ્તી છે, એના રાજાનું નામ વિશ્વાવસુ છે. તેઓ ભગવાન નીલમાધવના પરમ ભક્ત છે."

"નીલાંચલ પર્વતની નજીકમાં માર્કંડેય સરોવર છે. સ્વયં ભગવાન શ્રીવિષ્ણુએ પોતાનાં સુદર્શન ચક્રથી આ સરોવર સર્જેલું છે. આ સરોવરમાં સ્નાન કરીને ભગવદ્ આરાધના કરવાથી ભગવાન સાક્ષાત્ દર્શન આપે છે." આટલું કહેતાંની સાથે જ એ જટાધારી સાધુરામ અદૃશ્ય થઈ ગયા!

આ સિદ્ધ સંતની વાત સાંભળી મહારાજ ઇન્દ્રદ્યુમ્ન માલવાનો ત્યાગ કરી નીલમાધવ ક્ષેત્ર જવા માટે તૈયાર થયા.

રાજાના એક પ્રધાન પુરોહિત હતા, એમનું નામ વિદ્યાપતિ હતું, એમણે રાજાને કહ્યું કે, "હું પ્રથમ આ ક્ષેત્રની તપાસ કરી આવું પછી આપણે જઈશું."

મહારાજ ઇન્દ્રદ્યુમ્ને અનુમતિ આપી. વિદ્યાપતિ નીલમાધવ ક્ષેત્રમાં આવ્યા, શબરરાજ વિશ્વાવસુની સાથે મિત્રતા બાંધી, વિશ્વાવસુએ વિદ્યાપતિને ઇન્દ્રકાંત નીલમણિના રૂપમાં બિરાજમાન ભગવાનનાં દર્શન કરાવ્યાં, વિદ્યાપતિ કૃતાર્થ થઈ ગયા. વિશ્વાવસુ વિદ્યાપતિને પાછા પોતાને નિવાસે લાવ્યા અને ખૂબ જ આદર સાથે દિવ્ય ભોજન-સામગ્રી પીરસી.

રાજમહેલમાં પણ દુર્લભ એવી આ સામગ્રી જોઈને વિદ્યાપતિને આશ્ચર્ય થયું, એણે પૂછ્યું, "આવી ઉત્તમ સામગ્રી અહીં જંગલમાં ક્યાંથી?"

વિશ્વાવસુએ કહ્યું, "આકાશના દેવતાઓ દરરોજ ભગવાન નીલમાધવની પૂજા કરવા આવે છે, તેઓ પ્રસાદરૂપે અમને આ સામગ્રી આપે છે!"

આમ વાત કરતાં કરતાં વિશ્વાવસુ ભારે ગંભીર થઈ ગયા, વિદ્યાપતિએ ગંભીરતાનું કારણ પૂછ્યું. વિશ્વાવસુએ કહ્યું, "વિદ્યાપતિ! તમે ભાગ્યશાળી છો કે તમને પ્રભુ નીલમાધવનાં દર્શન થઈ ગયાં, પરંતુ મહારાજ ઇન્દ્રદ્યુમ્નને દર્શન નહીં થાય, કારણ કે ભગવાન નીલમાધવ થોડા જ સમયમાં સુવર્ણવાલુકા(રેતી)માં અદૃશ્ય થઈ જશે."

વિદ્યાપતિએ પૂછ્યું, "પણ આ તમને કઈ રીતે ખબર પડી?"

વિશ્વાવસુએ કહ્યું, "દેવતાઓએ આકાશવાણી દ્વારા અમને આ વાત કરી છે!" વિશ્વાવસુની વાત સાંભળતાં વિદ્યાપતિને આઘાતનો આંચકો લાગ્યો.

વિશ્વાવસુએ વાતને આગળ વધારતાં કહ્યું, "વિદ્યાપતિ! તમે હમણાં આ વાત રાજાને કરશો નહિ, નહિતર એમને ખૂબ જ દુઃખ થશે. તેઓ અહીં આવશે ત્યારે એમને બધી જાણ થશે."

વિદ્યાપતિ અવંતિ જવા તૈયાર થયા ત્યારે વિશ્વાવસુએ એક પુષ્પમાળા વિદ્યાપતિને આપી અને કહ્યું, "આ માળા દેવતાઓએ ભગવાનને અર્પણ કરેલી છે, આ માળા કદી કરમાય નહીં એવી દિવ્ય છે. આ પુષ્પમાળા તમે મહારાજ ઇન્દ્રદ્યુમ્નને પ્રસાદ રૂપે આપજો." વિદ્યાપતિ અવંતિ પાછા આવ્યા, મહારાજ ઇન્દ્રદ્યુમ્નને પ્રસાદીની માળા આપી અને ભગવાન નીલમાધવના દિવ્ય ક્ષેત્રનું વર્ણન કર્યું.

મહારાજ ઇન્દ્રદ્યુમ્નના મનમાં ભગવાન નીલમાધવનાં દર્શનની ખૂબ જ તાલાવેલી હતી, એટલે તેઓ મહારાણી ગુંડીચા દેવીને સાથે લઈ સંપૂર્ણ રાજરસાલા સાથે નીલમાધવ ક્ષેત્ર તરફ જવા રવાના થયા. ભગવાન વિષ્ણુની જ પ્રેરણાથી દેવર્ષિ નારદ પણ આ યાત્રામાં સાથે જોડાયા.

મહારાજ ઇન્દ્રદ્યુમ્ને ઉત્કલ પ્રદેશની સીમામાં પ્રવેશ કર્યો, એ જ વખતે ઉત્કલ પ્રદેશના રાજા સામે આવ્યા અને સમ્રાટ ઇન્દ્રદ્યુમ્નનું સ્વાગત કર્યું.

નીલમાધવ ક્ષેત્ર થોડે દૂર રહ્યું, ત્યાં ભુવનેશ્વર ક્ષેત્ર આવ્યું. આ ક્ષેત્રનો મહિમા સમજાવતાં નારદજીએ કહ્યું, "રાજન્! આ તીર્થનું બીજું નામ એકામ્ર ક્ષેત્ર છે, ત્રિપુરાસુરનો વિનાશ કર્યા પછી ભગવાન શંકર કોઈ શાંત સ્થળે વિશ્રામ કરવા માગતા હતા, ત્યારે ભગવાન વિષ્ણુએ એમને નીલાંચલ પર્વત પાસેનું આ ક્ષેત્ર બતાવ્યું હતું, ત્યારથી શિવજી અહીં કોટિલિંગ સ્વરૂપે બિરાજે છે."

મહારાજ ઇન્દ્રદ્યુમ્ન ભગવાન શિવજીની પૂજા કરી આગળ વધ્યા. દેવર્ષિ નારદ રાજાને નીલાંચલ ક્ષેત્ર સુધી લઈ ગયા, અહીં રાજાએ વિશાળ કલ્પવટનાં દર્શન કર્યા, નારદજીએ આ પુરુષોત્તમ ક્ષેત્રનો મહિમા કહ્યો.

રાજાની આંખો ભગવાન નીલમાધવનાં દર્શન માટે આતુર હતી, પરંતુ દર્શન ન થયાં. નારદજીએ એમને ભગવાન અદૃશ્ય થવાની બધી વાત સમજાવી.

આ વાત સાંભળી રાજાને ભારે વેદના થઈ, તેઓ ભગવાનને પ્રાર્થના કરતાં કરતાં રુદન કરવા લાગ્યા, એ જ સમયે ભગવાને આકાશવાણી દ્વારા કહ્યું, "રાજન્! તમે ચિંતા ન કરો, અમે તમને અવશ્ય પ્રત્યક્ષ દર્શન દઈશું, હાલમાં તમે નારદજી જેમ કહે તેમ કરો."

નારદજીએ કહ્યું, "રાજન્! આ સ્થળે તમે ભગવાન નૃસિંહજીની સ્થાપના કરો અને નગરી વસાવો, પછી તમે અશ્વમેધ યજ્ઞ કરો, યજ્ઞથી પ્રસન્ન થયેલા ભગવાન તમને દર્શન દેશે."

નારદજીનાં વચનને મસ્તક ઉપર ચડાવી મહારાજ ઇન્દ્રદ્યુમ્ને ભગવાન નૃસિંહજીનું મંદિર બનાવ્યું અને નગરી વસાવી, જે નગરી 'જગન્નાથપુરી' અથવા તો 'પુરુષોત્તમપુરી' નામે પ્રસિદ્ધ થઈ.

નારદજીની પ્રેરણાથી ભગવાન શ્રીવિષ્ણુનાં પ્રત્યક્ષ દર્શન માટે મહારાજ ઈન્દ્રદ્યુમ્ને અશ્વમેધ યજ્ઞ આરંભ્યો, રાજાની આરાધનાથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીવિષ્ણુએ એમને ધ્યાનમાં દર્શન દીધાં અને કહ્યું, "યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે તમે સાગરમાં અવભૃથ સ્નાન કરવા જશો ત્યારે સાગરકિનારે અમે તમને નીલમાધવને બદલે ચતુર્ભુજ મહાદારૂ (નીમ્બવૃક્ષનું વિશાળ કાષ્ઠ) રૂપે દર્શન દેશું, એ મહાદારૂની ચારેય શાખાઓમાં અમારા શંખ, ચક્ર, ગદા, પદ્મ આ ચારેય આયુધોની છાપો હશે. આ મહાદારૂમાંથી તમે અમારી, બલરામજીની, સુભદ્રાજી અને સુદર્શન ચક્રની મૂર્તિઓ બનાવજો, સુંદર મંદિરનું નિર્માણ કરાવી એમાં આ મૂર્તિઓ પધરાવજો."

ભગવાનના આદેશ પ્રમાણે મહારાજ ઈન્દ્રદ્યુમ્ન સાગર તટે પધાર્યા, અહીં એમને ચાર શાખાવાળા મહાદારૂની પ્રાપ્તિ થઈ. રાજાએ એ મહાદારૂનું પૂજન-અર્ચન કર્યું અને સુરક્ષિત જગ્યાએ પધરાવ્યું.

ભગવાનની લીલા અકળ અને અપરંપાર છે. દ્વાપરયુગ પૂરો થઈ રહ્યો હતો, ત્યારે એક બાજુ ભગવાન શ્રીકૃષ્ણ પ્રભાસક્ષેત્રમાં અંતર્ધાન થઈ રહ્યા હતા, બીજી બાજુ તેઓ પૂર્વ સાગરને કિનારે ચતુર્ભુજ મહાદારૂ રૂપે પ્રગટ થઈ રહ્યા હતા.

ભગવાન શ્રીવિષ્ણુએ સ્થળમાં, જળમાં, નભમાં, દેવ, મનુષ્ય વગેરે વિવિધ યોનિઓમાં અનેક અવતારો ધારણ કર્યા છે, દ્વાપરયુગના અંતે ભગવાન શ્રીવિષ્ણુએ મહારાજ ઈન્દ્રદ્યુમ્ન માટે તથા કળિયુગના લોકોના કલ્યાણ માટે મહાદારૂ રૂપે અવતાર ધારણ કર્યો હતો.

ભગવાનની મૂર્તિઓ અધૂરી રહી !

ભગવાનના આદેશને અનુસરીને મહારાજ ઈન્દ્રદ્યુમ્ને વિશાળ ગગનચુંબી મંદિરનું નિર્માણ કરાવ્યું. હવે મહાદારૂમાંથી ભગવાન જગન્નાથ, બલરામજી, સુભદ્રાજી અને સુદર્શન ચક્રની મૂર્તિઓ બનાવવાની હતી.

આ મૂર્તિઓ અસાધારણ હતી, કોઈ સાધારણ સુથાર આ મહાદારૂમાંથી મૂર્તિ બનાવવા સમર્થ ન હતો, એટલે બ્રહ્માજીની આજ્ઞાથી દેવતાઓના સ્થપતિ વિશ્વકર્મા વૃદ્ધ સુથારનું રૂપ લઈને રાજા પાસે આવ્યા, એમણે રાજાને કહ્યું, "આ મહાદારૂમાંથી મૂર્તિઓ હું બનાવીશ!"

સુથારનું તેજસ્વી રૂપ જોઈ રાજાને પણ પ્રતીતિ થઈ કે, 'આ સુથાર અવશ્ય આ કાર્ય કરી શકશે.' એણે સુથારને મૂર્તિ નિર્માણની અનુમતિ આપી.

સુથારના રૂપમાં રહેલા વિશ્વકર્માએ કહ્યું, 'રાજન્ ! હું મૂર્તિઓનું નિર્માણ તો કરું, પરંતુ મારી એક શરત છે."

રાજાએ કહ્યું, "બોલો, શું શરત છે ?"

વિશ્વકર્માએ કહ્યું, "હું એકાંત ઓરડામાં મૂર્તિઓ બનાવીશ, મૂર્તિઓ બનાવતાં એક મહિનો લાગશે. જ્યાં સુધી મહિનો પૂરો ન થાય, ત્યાં સુધી કોઈએ ઓરડો ખોલવો નહિ, કોઈએ અંદર આવવું નહીં અને મારા ખાન-પાનની પણ ચિંતા કરવી નહીં!' રાજાએ શરત મંજૂર રાખી. વિશ્વકર્મા ઓરડો બંધ કરી મૂર્તિઓનું નિર્માણ કરવા લાગ્યા.

મહિનો પૂરો થવામાં એકાદ-બે દિવસ બાકી રહ્યા. રાજા-રાણીના મનમાં ચિંતા થઈ રહી હતી, 'મહિનો પૂરો થવા આવ્યો છે, ઓરડામાંથી કાંઈ અવાજ આવતો નથી,

ખાધા-પીધા વિના સુથારને કંઈ થયું તો નહીં હોય ને?'

પ્રબળ ઈન્તેજારીને લીધે મહારાજ ઈન્દ્રદ્યુમ્ન શરત ભૂલી ગયા, એમનાથી રહેવાયું નહિ, એમણે ઓરડાનો દરવાજો ખોલી નાખ્યો, સામે નજર પડી તો ચારેચાર મૂર્તિઓ હજુ અધૂરી હતી!

વિશ્વકર્માજી એકદમ ઊભા થઈ ગયા અને બોલ્યા, "રાજન્! તમે મુદત પહેલાં ઓરડો ખોલ્યો, શરતભંગ થયો, હવે આ મૂર્તિઓ મારાથી પૂરી નહિ થાય." આમ કહી વિશ્વકર્માજી અદૃશ્ય થઈ ગયા!

મહારાજ ઈન્દ્રદ્યુમ્નના હૃદયમાં ભારે પસ્તાવો થયો, તેઓ આર્તનાદે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા.

એ જ વખતે ભગવાને આકાશવાણીથી કહ્યું, "રાજન્! જે કંઈ થયું છે એ અમારી ઇચ્છાથી જ થયું છે. આ અમારી અકળ લીલાનો જ એક ભાગ છે, અમે આવા અધૂરા રૂપે જ અહીં બિરાજવા માગીએ છીએ!"

"હે રાજન્! તમે ચારેય મૂર્તિઓને વસ્ત્રથી ઢાંકી દો અને પ્રાર્થના કરો કે જેથી આ ચારેય મૂર્તિઓ પોતાના રંગોને ધારણ કરે."

રાજાએ પવિત્ર વસ્ત્રોથી મૂર્તિઓને ઢાંકી દીધી અને ઘણા સમય સુધી પ્રેમપૂર્વક પ્રાર્થના કરી પછી વસ્ત્ર હટાવ્યું તો નજર સમક્ષ અદ્‌ભુત રંગોથી શોભતી મૂર્તિઓ બિરાજમાન હતી!

ભગવાન જગન્નાથજીનો વર્ણ નીલ મેઘઘટાઓ જેવો શ્યામ હતો, બલભદ્રજીનો રંગ ચંદ્રમા જેવો શ્વેત હતો, સુભદ્રાજીનો રંગ પ્રાતઃકાળનાં સૂર્યકિરણો જેવો આછો પીળો હતો અને સુદર્શન ચક્રનો રંગ થોડો લાલાશ ભરેલો હતો.

નારદજીના કહેવાથી રાજાએ ત્રણ સુંદર અને ભવ્ય રથોનું નિર્માણ કરાવ્યું, ભગવાનનાં સ્વરૂપોને એમાં પધરાવવામાં આવ્યાં અને વાજતે-ગાજતે મંદિર સ્થળે લઈ જવામાં આવ્યાં.

આ સમયે સાક્ષાત્ બ્રહ્માજી દેવતાઓના સમુદાય સાથે પ્રતિષ્ઠા કરવા હાજર થયા અને વેદોક્તવિધિથી ભગવત્સ્વરૂપોમાં પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી.

આ પ્રસંગે બ્રહ્માજીએ કહ્યું કે, "રાજન્! આ મૂર્તિઓને કાષ્ઠની મૂર્તિઓ ન માનશો, આ મૂર્તિઓ સ્વયં પરબ્રહ્મસ્વરૂપ છે. 'વિદારયતિ વિનાશયતિ દુઃખમ્ ઇતિ દારુઃ।' ભગવાન સર્વ દુઃખોનું વિદારણ કરે છે, એટલે એમનો વિગ્રહ દારૂમય છે."

"ભગવાન બલરામજી ઋગ્વેદ સ્વરૂપ છે, સુભદ્રાજી યજુર્વેદનું રૂપ છે, સુદર્શન ચક્ર અથર્વવેદનું રૂપ છે, અહીં બિરાજતા નૃસિંહજી સામવેદરૂપ છે. ચારેય વેદ જેમ એક છે, એ જ રીતે આ ચારેય સ્વરૂપો આખરે તો એક જ છે અને એક જ મહાદારૂ (સનાતન વૃક્ષ)નો વિસ્તાર છે."

પ્રતિષ્ઠા પ્રસંગે ભગવાન જગન્નાથજીએ મહારાજ ઈન્દ્રદ્યુમ્ન અને મહારાણી ગુંડીચાને સાક્ષાત્ દર્શન દીધાં અને કહ્યું, "રાજન્! અમે તમને યુગો પહેલાં સાક્ષાત્ દર્શનનું વરદાન આપ્યું હતું તે આજે પૂર્ણ થાય છે, અમે આ મૂર્તિઓમાં સૂર્ય-ચંદ્ર રહેશે ત્યાં સુધી પ્રત્યક્ષ બિરાજમાન રહીશું અને કળિયુગના લોકોનું કલ્યાણ કરીશું."

આટલી વાત કરી ભગવાન જગન્નાથજીએ ઈન્દ્રદ્યુમ્ન રાજાને એક ભલામણ કરી, 'શબરરાજ વિશ્વાવસુ અમારા પરમ ભક્ત છે, એમને તથા એમના વંશવારસોને વર્ષમાં પંદર દિવસ માટે અમારી સેવાનો અવસર આપજો.' મહારાજ ઈન્દ્રદ્યુમ્ને ભગવાનની આજ્ઞાને શિરોધાર્ય કરી.

★★★★★

આ બાજુ દેવોએ કરેલી આકાશવાણી મુજબ ભગવાન નીલમાધવ સુવર્ણ વાલુકામાં અદૃશ્ય થયા, એટલે શબરરાજ વિશ્વાવસુ ભારે શોકાતુર રહેતા હતા. ભગવાનનો વિરહ એમનાથી સહેવાતો ન હતો, તેઓ મહાનદીમાં ઝંપલાવીને શરીરનો ત્યાગ કરવા માગતા હતા. એ જ વખતે ભગવાને એના ઉપર કૃપા કરી, નીલમણિમય શાલિગ્રામ રૂપે પ્રગટ થયા.

અહીં એક લોકકથા પ્રસિદ્ધ છે, આ લોકકથાને કોઈ આધાર નથી, પણ કથા ભારે રોચક છે. કથા લાંબી છે, સાર નીચે પ્રમાણે છે.

શબરપતિ વિશ્વાવસુ ભગવાન નીલમાધવને પુનઃ પ્રાપ્ત કરી ધન્ય થયા હતા. મહારાજ ઈન્દ્રદ્યુમ્નને ખબર ન પડે એ માટે એમણે આ વાત ગુપ્ત રાખી હતી, કારણ કે એને બીક હતી કે જો રાજાને ખબર પડશે તો આ સ્વરૂપ મારી પાસેથી લઈ લેશે.

સૂર્યોદય થાય ત્યારે છાનો ન રહે, એ જ રીતે મહારાજ ઈન્દ્રદ્યુમ્નને ભગવાન નીલમાધવના પ્રાગટ્યની ગંધ આવી ગઈ હતી.

રાજાના પ્રધાન પુરોહિત વિદ્યાપતિના પુત્રે શબરરાજ વિશ્વાવસુની પુત્રી સાથે પ્રેમસંબંધ બાંધી, ભીલરાજકુમારીને ભોળવી યુક્તિપૂર્વક આ સ્થળની જાણકારી મેળવી હતી અને મહારાજ ઈન્દ્રદ્યુમ્ને વિશ્વાવસુ પાસેથી ભગવાન નીલમાધવને પ્રાપ્ત કર્યાં હતા. જગન્નાથપુરીના ઇતિહાસ વિશે સંશોધન કરનારા વિદ્વાનો કહે છે કે, આ વાત માત્ર લોકકથા છે. વાસ્તવિકતા એ છે કે, ભગવાન નીલમાધવ શાલિગ્રામ સ્વરૂપે પુનઃ પ્રગટ્યા પછી વિશ્વાવસુએ નાનકડું સુંદર મંદિર બનાવી એમાં

ભગવાનની પ્રતિષ્ઠા કરી હતી.

આજે પણ આ સ્થળે ભગવાન નીલમાધવનું સુંદર મંદિર છે, શબરજાતિના લોકો ભગવાન નીલમાધવને પોતાના ઈષ્ટદેવ માને છે અને એમનું અર્ચન-ઉપાસન કરે છે. આ સ્થળ 'કાંટાળા ટીલા' તરીકે ઓળખાય છે.

આવી જ એક લોકવાયકા છે કે, ભગવાન જગન્નાથજીની મૂર્તિમાં ભગવાન શ્રીકૃષ્ણના અસ્થિજ્યોતિ પધરાવવામાં આવ્યા છે, પરંતુ આ માત્ર લોકવાયકા છે.

આ વાતને પણ કોઈ શાસ્ત્રીય આધાર નથી, આ માત્ર રોચક લોકકથા છે. હકીકત એ છે કે, શ્રીમદ્ ભાગવતની કથા અનુસાર ભગવાન શ્રીકૃષ્ણ સદેહે ગોલોકમાં સિધાવ્યા છે, એટલે અગ્નિસંસ્કારની વાત જ આવતી નથી.



અધૂરી મૂર્તિઓની અદ્‌ભુત કથા !

સામાન્ય રીતે મંદિરમાં અપૂર્ણ કે ખંડિત મૂર્તિઓ પધરાવાતી નથી, જ્યારે અહીંયાં ત્રણેત્રણ મૂર્તિઓ અપૂર્ણ છે, છતાં આ મૂર્તિઓમાં ભગવાનનો સાક્ષાત્ વાસ છે, આનું શું કારણ?

ભગવાન જગન્નાથના રહસ્યને જાણનાર વિદ્વાનો કહે છે કે, 'ભગવાન જગન્નાથ માયાતીત બ્રહ્મ છે, મંદિરમાં બિરાજતો એમનો શ્રીવિગ્રહ પણ બ્રહ્મમય છે.'

ઉપનિષદોમાં બ્રહ્મનો મહિમા ગાતાં ભગવતી શ્રુતિ કહે છે,

अपाणिपादो जवनो गृहिता । (श्वेता.उ.अ-३-मन्त्र-१९)

સર્વવ્યાપી બ્રહ્મને હાથ નથી, છતાં ગ્રહણ કરે છે, પગ નથી છતાં ગતિશીલ છે.

રામાયણના બાલકાંડમાં તુલસીદાસજી કહે છે કે,

બિનુ પદ ચલઈ, સુનઈ બિનુ કાના।
કર બિનુ કરમ, કરઈ બિધિ નાના॥ રા.બા. ૧-૧૧૮॥

જગન્નાથપુરીમાં બિરાજમાન ભગવાનનું અપૂર્ણ સ્વરૂપ એમની આ સર્વવ્યાપકતાનું દર્શન કરાવે છે. આનો અર્થ એ નથી કે, ભગવાન સાકાર નથી, ભગવાન તો સાકાર જ છે, પરંતુ એમની સર્વવ્યાપકતાને લીધે આકાર કળાતો નથી.

કેટલાક વિદ્વાનોનો મત છે કે, જગન્નાથપુરીમાં ભગવાન જગન્નાથજીની સાથે બિરાજમાન સુભદ્રાજીને માત્ર ભગવાનનાં બહેન ન માનવાં જોઈએ, પરંતુ એમને ભગવાનમાં રહેલી સર્વ શક્તિઓનું પ્રતીક માનવાં જોઈએ, એટલે જ જ્યારે બ્રહ્મપરિવર્તન થાય છે અર્થાત્ બીજી નૂતન મૂર્તિઓમાં પ્રાણ-પ્રતિષ્ઠા થાય છે, ત્યારે સુભદ્રાજીના બદલે 'ઓમ્ ભુવનેશ્વર્યૈ નમઃ' મંત્રથી એમની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

★★★★★

ભગવાન જગન્નાથજીની અધૂરી મૂર્તિઓ પાછળ પણ એક રસમધુર લોકકથા છે, જે કથાને કોઈ શાસ્ત્રીય આધાર નથી, પણ કથા ભારે રોચક છે, જે નીચે પ્રમાણે છે.

ભગવાન શ્રીકૃષ્ણ ગોકુળ-વૃંદાવન છોડી દ્વારિકા પધાર્યા હતા, પરંતુ પ્રેમમૂર્તિ રાધાજીને વીસરી શક્યા ન હતા, તેઓ રોજ રાત્રે સ્વપ્નમાં 'રાધે ! રાધે !' રટણ કરતા રહેતા હતા. 'રાધે ! રાધે !' રટણ સાંભળીને મહારાણી રુક્મિણી દેવીને ભારે નવાઈ લાગી, આવું રોજ થવા લાગ્યું.

એમણે બીજી પટરાણીઓને વાત કરી. પટરાણીઓ મધરાતે ભગવાન શ્રીકૃષ્ણના શયનખંડમાં ભેગી થઈ.

આ બાજુ રોજના ક્રમ પ્રમાણે જ ભગવાન શ્રીકૃષ્ણનાં મુખેથી 'રાધે ! રાધે !' રટણ શરૂ થયું. આઠેઆઠ પટરાણીઓ આશ્ચર્યચકિત થઈ ગઈ.

વાત વાયરે ચડી, ભગવાનનાં બહેન સુભદ્રાજીને આ વાતની જાણ થઈ, એમને પણ ભારે નવાઈ લાગી.

જરા કલ્પના કરો કે, ભગવાન શ્રીકૃષ્ણને બદલે કોઈ બીજો પુરુષ સૂતા સૂતા પોતાની પત્ની સિવાય કોઈ બીજી સ્ત્રીનું નામ રટણ કરે અને પડખે સૂતેલાં 'મહાસતી' સાંભળી જાય તો એ ઘરમાં કેવો ભડકો થાય ? પરંતુ પટરાણીઓની વાત જુદી હતી, તેઓ ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય શરણાગત હતા.

એમણે રાધાજીનું નામ સાંભળ્યું હતું, પણ ભગવાન શ્રીકૃષ્ણ રાધાજી સાથે આટલો ગહન પ્રેમ ધરાવે છે, એવી એમને કલ્પના ન હતી.

એમના મનમાં રાધાજી વિશે વિશેષ જાણવાની ઈન્તેજારી જાગી. બધાએ સાથે મળીને મા દેવકીજીને પૂછ્યું, "મા ! આ રાધાજી કોણ છે ?"

માતા દેવકીજીએ કહ્યું, "રાધાજી વિશે તો માત્ર માતા રોહિણીજી જણાવી શકે, કારણ કે તેઓ વર્ષો સુધી ગોકુળ-વૃંદાવનમાં રહ્યાં છે."

અષ્ટ પટરાણીઓ સુભદ્રાજીની સાથે માતા રોહિણી પાસે ગયાં અને રાધાજીની વાત કરવા કહ્યું.

મા રોહિણીએ કહ્યું, "રાધાજી તો અસાધારણ પ્રેમમૂર્તિ છે, તમારે એની વાત સાંભળવી હોય તો તમારે

કેટલીક શરત માનવી પડે.''

પટરાણીઓએ ભારે ઈન્તેજારીપૂર્વક કહ્યું, ''મા ! બોલો કઈ શરત છે ?''

માતા રોહિણીએ પ્રથમ શરત મૂકી, ''હું કથા કરું ત્યારે કોઈએ બીજી વાતો કરી વિક્ષેપ કરવો નહીં, કારણ કે સ્ત્રીઓનો સ્વભાવ વાતુડિયો હોય છે.'' પટરાણીઓએ શરત મંજૂર રાખી.

માતા રોહિણીએ બીજી શરત મૂકી, ''તમારે ક્યારેય રાધાજીનું અનુકરણ કરવું નહીં, રાધાજીનો પ્રેમ સહજ અને અસાધારણ છે, એનું અનુકરણ અશક્ય છે !'' પટરાણીઓએ એ પણ શરત મંજુર રાખી.

માતા રોહિણીએ ત્રીજી શરત મૂકી, ''હું કથા કરું ત્યારે તમારામાંથી કોઈ એકે દરવાજે ઊભા રહેવું અને કોઈને અંદર પ્રવેશવા દેવા નહીં, સ્વયં કૃષ્ણ આવે તોપણ નહીં !'' ત્રીજી શરત સાંભળી પટરાણીઓ ખચકાયાં, એમના મનમાં થયું કે, 'કૃષ્ણને કેમ રોકવા ?'

ભગવાનનાં બહેન સુભદ્રાજીએ બીડું ઝડપ્યું અને કહ્યું, ''મા ! દરવાજે હું ઊભી રહીશ, કોઈને અંદર પ્રવેશ કરવા નહિ દઉં, પણ તમારી જેમ મારી પણ એક શરત છે!'' માતા રોહિણી ચમક્યાં અને પૂછ્યું, ''શું શરત છે ?''

સુભદ્રાજીએ કહ્યું, ''કથા કરતી વખતે તમારે મોટેથી બોલવું પડશે કે જેથી હું દરવાજે સાંભળી શકું.''

માતા રોહિણીએ શરત મંજૂર રાખી અને રાધાજીના પ્રેમની મધુર કથા કહેવા લાગ્યાં, પટરાણીઓ રાધાજીની વાત સાંભળવામાં તલ્લીન બની.

અંદર કોઈ આવે નહીં એટલા માટે સુભદ્રાજી દરવાજે ચોકી કરવા લાગ્યાં, એવામાં અચાનક ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામજી માતા રોહિણીનાં દર્શને પધાર્યા.

સુભદ્રાજીએ મંદ મંદ હસીને, બેય હાથ પહોળા કરી બન્નેને અંદર જતાં રોક્યા, નાક ઉપર આંગળી મૂકી ચૂપ રહેવા ઈશારો કર્યો.

આ બાજુ ઓરડામાં માતા રોહિણીનાં મુખેથી પ્રેમમૂર્તિ રાધાજીની કથાનો અદ્‌ભુત પ્રેમપ્રવાહ વહી રહ્યો હતો.

દરવાજે ઊભા ઊભા ભગવાન શ્રીકૃષ્ણ, બલરામજી અને સુભદ્રાજી આ અપૂર્વ પ્રેમકથાઓનું શ્રવણ કરતાં પ્રેમપ્રવાહમાં બરફની જેમ પીગળવા લાગ્યા, એ જ સમયે અચાનક ભક્તિમાર્ગના પ્રવર્તક નારદજી આવીને ઊભા રહી ગયા !

પ્રેમથી અર્ધ પીગળેલાં આ સ્વરૂપોનાં દર્શન કરતાં જ નારદજી આભા બની ગયા. એમણે ભગવાનને વિનંતી કરી, ''હે પ્રભુ ! આપ આવા જ પીગળેલાં સ્વરૂપે પૃથ્વીવાસીઓને દર્શન આપો, જેથી સર્વને પ્રેમ-ભક્તિની પ્રેરણા મળે.''

ભગવાન શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈને કહ્યું, ''નારદજી ! અમે અંતર્ધાન થયા પછી તમારો સંકલ્પ પૂર્ણ કરીશું.''

નારદજીને આપેલું વચન પૂર્ણ કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણ બલરામજી અને સુભદ્રાજીની સાથે પ્રેમથી પીગળેલાં સ્વરૂપે, અધૂરી મૂર્તિ રૂપે જગન્નાથપુરીમાં બિરાજે છે. વિશ્વકર્મા દ્વારા મૂર્તિઓ અધૂરી રહી એની પાછળ પણ ભગવાને નારદજીને આપેલ વરદાન કારણભૂત છે.

જગન્નાથપુરીના મંદિરમાં બિરાજમાન અધૂરી મૂર્તિઓ મૂર્તિમંત પ્રેમનું સ્વરૂપ છે.

વિશિષ્ટ નોંધ : આ લોકકથા કલ્યાણના તીર્થાંકને આધારે લખાયેલી છે.

જગતના નાથ જગન્નાથ !

ભગવાન જગન્નાથજીનું મંદિર ખૂબ વિશાળ અને ભવ્ય છે. આ મંદિર દસ એકરમાં પથરાયેલું છે. આ મંદિર શ્યામ પથ્થરોથી બંધાયેલું છે.

સમુદ્રસપાટીથી ભગવાન જગન્નાથજીનાં મંદિરની કુલ ઊંચાઈ ૨૧૪ ફૂટ છે, મંદિરના શિખરની ઊંચાઈ ૧૯૨ ફૂટ છે. આ શિખરનું નિર્માણ કલિંગ અથવા તો ઊડિયા શૈલીથી થયેલું છે.

ભગવાન જગન્નાથજીના ગગનચુંબી શિખર પર ધર્મધ્વજ લહેરાય છે, અહીં રોજ નવી ધજા ચડાવવામાં આવે છે.

મંદિરનાં શિખર ઉપર વિશાળ સુદર્શન ચક્ર છે. સુદર્શન ચક્રની વિશિષ્ટતા એ છે કે, નગરના કોઈ પણ ખૂણેથી એનાં દર્શન કરીએ, પણ સુદર્શન ચક્રનું મુખ આપણી તરફ જ રહે છે ! ઉત્તમ સ્થાપત્યકલાનો આ ચમત્કાર છે.

મંદિરની આકૃતિ સાથે ઊભેલા પાંચ રથ જેવી છે. મંદિરને ફરતી પ્રાચીર (દીવાલ) છે, જેને મેઘનાદ પ્રાચીર કહે છે. આ પ્રાચીરની લંબાઈ ૬૬૦ ફૂટ છે અને ઊંચાઈ વીસ ફૂટ છે.

મંદિરમાં પ્રવેશ માટે આ પ્રાચીરમાં ચારેય દિશામાં ચાર ભવ્ય દરવાજા છે. પૂર્વ દિશાના દરવાજાનું નામ સિંહદ્વાર છે, દક્ષિણ દિશાના દરવાજાનું નામ અશ્વદ્વાર છે,



પશ્ચિમ દિશાના દરવાજાનું નામ વ્યાઘ્રદ્વાર છે, ઉત્તર દિશાના દરવાજાનું નામ હસ્તિદ્વાર છે. સિંહદ્વારથી મંદિરમાં પ્રવેશ થાય છે.

મંદિરના ચારેય દરવાજે હનુમાનજી મહારાજ બિરાજે છે, જે 'કાનપાતા હનુમાનજી' તરીકે પ્રસિદ્ધ છે. કાનપાતા હનુમાનજીની કથા કંઈક આવી છે, ભગવાન જગન્નાથજીનું મંદિર એકદમ સમુદ્રને કિનારે છે. સમુદ્રમાં નિરંતર ગર્જનાઓ થતી રહે છે.

આ ગર્જનાઓને લીધે નિજમંદિરમાં શયન કરતાં સુભદ્રાજીની ઊંઘમાં વિક્ષેપ પડતો હતો, એટલે ભગવાન જગન્નાથજીએ હનુમાનજીને આજ્ઞા કરી કે, 'તમે સમુદ્રની ગર્જનાને અહીં આવતાં રોકો!'

ભગવાનની આજ્ઞાથી હનુમાનજી મહારાજે પોતાના અલૌકિક ઐશ્વર્યથી સાગરગર્જનાઓને મંદિરમાં પ્રવેશતાં રોકી લીધી, એટલે એમનું નામ કાનપાતા હનુમાનજી પડ્યું. કાનપાતાનો અર્થ છે, કાન દ્વારા સાગરના અવાજને શોષી લેનાર.

આજે પણ આપણે આ ચમત્કાર સ્વયં અનુભવી શકીએ છીએ. મંદિરની બહાર સમુદ્રનાં મોજાંઓની ગર્જનાઓનો અવાજ સંભળાય છે, પરંતુ મંદિરમાં પ્રવેશ કરીએ ત્યારે ચમત્કારિક રીતે એ અવાજ સંભળાતો બંધ થઈ જાય છે! આવું કેમ થાય છે એની કોઈને ખબર પડતી નથી. ખરેખર આ કાનપાતા હનુમાનજીનો પ્રભાવ છે.

ભગવાન જગન્નાથ સમગ્ર જગતના નાથ છે, ભીલોના ભગવાન છે, એમના દરબારમાં રાજા-રંક, ઊંચ-નીચ, નાત-જાતના કોઈ ભેદભાવ નથી. એમના દરબારમાં સર્વને પ્રવેશ મળે છે. શરત એક જ છે કે દર્શનાર્થી વ્યક્તિ હિન્દુ ધર્મ પ્રત્યે આસ્થા ધરાવતો હોવો જોઈએ.

નિજમંદિરને ફરતી પ્રદક્ષિણામાં ભગવાન અલારનાથ, ભગવાન વિશ્વનાથ, કાંચી ગણેશ વગેરે અનેક દેવોનાં નાનાં નાનાં મંદિર છે.

કાંચી ગણેશ મંદિરની બાજુમાં એક સુંદર વટવૃક્ષ છે, આ વટવૃક્ષ નીચે બેસી પ્રાર્થના કરવાથી ભક્તોના મનોરથ ફળીભૂત થાય છે, માટે જ આ વટવૃક્ષને કલ્પવૃક્ષ તુલ્ય માનવામાં આવે છે.

વટવૃક્ષની બાજુમાં એક મુક્તિમંડપ છે, મુક્તિમંડપની સમીપે બ્રહ્મપીઠ છે. મહારાજ ઇન્દ્રદ્યુમ્નની વિનંતીથી બ્રહ્માજી મંદિરમાં પ્રતિષ્ઠા કરવા પધાર્યા ત્યારે આ બ્રહ્મપીઠ ઉપર એમનું આસન હતું.

મંદિરના પ્રદક્ષિણા માર્ગમાં મહારાજ ઇન્દ્રદ્યુમ્ને બનાવેલું ભગવાન નૃસિંહજીનું મંદિર છે. ઉત્સવના દિવસોમાં નિજમંદિરમાં બિરાજમાન શ્રીદેવી-ભૂદેવી અહીં પધારે છે. અહીં દેવોનું પૂજન-અર્ચન થાય છે અને અહીંથી શોભાયાત્રાઓ નીકળે છે.

ભાવના ભૂખ્યા જગન્નાથ !

ભગવાન જગન્નાથજીના નિજમંદિરમાં પ્રવેશ કરતાં જ વિશાળ ભોગમંડપ આવે છે. ભગવાન જગન્નાથજીને ચાર વખત નાના ભોગ અર્પણ થાય છે અને બે વખત છપ્પન ભોગ અર્પણ થાય છે. નાના ભોગ નિજમંદિરમાં ધરાવાય છે, છપ્પન ભોગ ભોગમંડપમાં ધરાવાય છે.

ભગવાન જગન્નાથજીના વિશાળ રસોઈ ઘરમાં હજારો માણસ જમે એટલી રસોઈ તૈયાર થાય છે, એ તમામ ભોજનસામગ્રી ભોગમંડપમાં ભગવાન જગન્નાથજીની સન્મુખ પધરાવવામાં આવે છે અને ભોગવિધિ પૂર્ણ થયા બાદ એ જ પ્રસાદ ભક્તોને પીરસાય છે.

ભોગમંડપમાં દર્શનાર્થીઓ પ્રવેશ કરી શકતા નથી. ભોગમંડપથી નિજમંદિર તરફ આગળ વધતાં નૃત્યમંડપ આવે છે, આ મંડપમાં ભગવાન જગન્નાથજીને પ્રસન્ન કરવા માટે સંગીત અને નૃત્ય થાય છે.

આ નૃત્યમંડપમાં અતિ સુંદર ગરુડસ્તંભ છે, સ્તંભ

ઉપર ગરુડજી ભગવાનને હાથ જોડીને બેઠેલા છે. ગરુડસ્તંભની ઊંચાઈ નિજમંદિરમાં બિરાજતા ભગવાન જગન્નાથજી જેટલી છે.

નૃત્યમંડપથી નિજમંદિર તરફ મુખશાલા છે, જેને જગમોહન અથવા તો સભામંડપ પણ કહે છે. યાત્રિકો અહીંથી ભગવાનનાં દર્શનનો લાભ લ્યે છે.

મુખશાલા પછી તુરત જ નિજમંદિરનું ગર્ભગૃહ છે. નિજમંદિરમાં ચાર ફૂટ ઊંચી અને સોળ ફૂટ લાંબી વેદિકા છે, એનું નામ રત્નવેદિકા છે.

રત્નવેદી ઉપર ડાબી બાજુ સમગ્ર જગતના ચક્રવર્તી સમ્રાટ ભગવાન જગન્નાથજી બિરાજે છે, જમણી બાજુ બલરામજી બિરાજે છે અને મધ્યમાં બહેન સુભદ્રાજી બિરાજે છે. મૂર્તિઓ બહુ મોટી હોવાથી દૂરથી પણ સારી રીતે દર્શન કરી શકાય છે.

રત્નવેદી ઉપર એક છ ફૂટ લાંબું સુદર્શન ચક્ર છે. બાજુમાં નીલમાધવની મૂર્તિ છે, જે ભગવાન જગન્નાથજીનું નાનું સ્વરૂપ છે.

વિશ્વકર્માજીએ જ્યારે મહાદારૂમાંથી મૂર્તિઓ બનાવી ત્યારે એમણે નીલાંચલ પર્વતના અધિપતિ નીલમાધવનાં સ્વરૂપનું પણ નિર્માણ કર્યું હતું.

ઉપરાંત અહીં શ્રીદેવી તથા ભૂદેવીની નાની ઉત્સવ મૂર્તિઓ છે, જે સોના-ચાંદીમાંથી બનેલી છે. આ રીતે રત્નવેદિકા ઉપર સાત મૂર્તિઓ બિરાજે છે.

રત્નવેદિકાની પાછળ ત્રણ ફૂટ પહોળી પ્રદક્ષિણા છે. વેદિકા સહિત સંપૂર્ણ ગર્ભગૃહ શાલિગ્રામ શિલાઓથી બનેલું છે.

ભગવાન જગન્નાથજીનાં મંદિરમાં દરેક વ્યક્તિ છેક ગર્ભગૃહમાં જઈ ભગવાનનો ચરણસ્પર્શ કરી શકે છે અને ભગવાનની રત્નવેદિકાને પ્રદક્ષિણા કરી શકે છે. જોકે ગર્ભગૃહ શાલિગ્રામ શિલાઓથી બન્યું છે એટલે વૈષ્ણવો ગર્ભગૃહમાં પ્રવેશ કરતાં નથી, બહારથી જ દર્શન કરે છે.

વર્તમાન સમયે દર્શનાર્થી ભક્તોની અતિ ભીડ હોવાથી અંદર જઈને દર્શન કરવાની વ્યવસ્થા બંધ કરવામાં આવી છે.

મંદિરમાં ભગવાન જગન્નાથજીની સેવા માટેનું વિશાળ વ્યવસ્થાતંત્ર છે, મંદિરમાં જલાહરણ, પૂજન, અર્ચન, વસ્ત્રસેવા, અલંકારસેવા, ફૂલસેવા, વાજિંત્રસેવા, રસોઈસેવા, ભોગસેવા, શાકભાજીની સેવા, કાષ્ઠ લાવવાની સેવા, માટીનાં વાસણો લાવવાની સેવા, સાફસફાઈની સેવા વગેરે આશરે એકસો દસ પ્રકારની સેવાઓ છે.

નિજમંદિરમાં મુખ્યમૂર્તિઓની સેવા-પૂજા બ્રાહ્મણો કરે છે, બાકીની બધી જ સેવા નાત-જાતના ભેદભાવ સિવાય અન્ય ભક્તો કરે છે.

ભગવાન જગન્નાથજી માટે કહેવાય છે કે, '**भावग्राही जनार्दनः ।**' ભગવાન જગન્નાથ ભાવના ભૂખ્યા છે, એમના દિલમાં કોઈ ભેદભાવ નથી.



અજોડ રથયાત્રા મહોત્સવ !

ભગવાન જગન્નાથજીનાં મંદિરમાં અનેક ભવ્ય ઉત્સવો ઊજવાય છે. એમાં રથયાત્રા પહેલા ઊજવાતો દર્પણ મહોત્સવ અતિ મહત્ત્વનો છે.

નિજમંદિરમાં બિરાજમાન મૂર્તિઓ કાષ્ઠમાંથી બનેલી છે, એટલે એમના ઉપર અભિષેક શક્ય નથી, પરંતુ જેઠ સુદિ પૂર્ણિમાએ ભગવાનનાં સિંહાસનની સામે એક વિશાળ દર્પણ રાખવામાં આવે છે, એ દર્પણમાં રત્નવેદી ઉપર બિરાજમાન મૂર્તિઓનું પ્રતિબિંબ પડે છે અને એ દર્પણબિંબ ઉપર એકસો આઠ સુવર્ણકળશથી અભિષેક કરવામાં આવે છે.

દર્પણબિંબ ઉપર અભિષેકવિધિ પૂર્ણ થયા બાદ પંદર દિવસ માટે મંદિર બંધ રહે છે. આ દિવસો દરમિયાન ભગવાનની પૂજા શબરજાતિના વનવાસીઓ કરે છે. સેંકડો વર્ષ પહેલાં મહારાજ ઈન્દ્રદ્યુમ્ને ભીલરાજ વિશ્વાવસુને જે વચન આપ્યું હતું, એનું પાલન આજે પણ થઈ રહ્યું છે.

અષાઢ સુદિ બીજે ભગવાનનો ભવ્ય રથયાત્રા મહોત્સવ ઊજવાય છે. જગન્નાથપુરીમાં ઊજવાતા સર્વ ઉત્સવોમાં રથયાત્રા મહોત્સવ શ્રેષ્ઠ છે. સમગ્ર વિશ્વમાં આ મહોત્સવની જોડ્ય મળવી મુશ્કેલ છે.

ભારતવર્ષના કુંભમેળા જેવો વિશ્વમાં બીજો કોઈ મેળો નથી અને ભગવાન જગન્નાથજીની રથયાત્રા જેવી બીજી કોઈ યાત્રા નથી.

આ પ્રસંગોએ લાખો-કરોડો ભક્તો ભેગા થાય છે, આ ભક્તોનાં દિલમાં રહેલી શ્રદ્ધાને દિમાગી બુદ્ધિથી મૂલવી શકાય એમ નથી. બુદ્ધિના ડોળ એક બાજુ રાખી આ શ્રદ્ધાને વંદન કરવામાં જ બુદ્ધિનું ડહાપણ છે.

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ત્રણ વિશાળ અને ભવ્ય રથ હોય છે, દર વર્ષે નવા નવા રથોનું નિર્માણ થાય છે.

સેંકડો વર્ષથી ચાલી આવતી પરંપરા પ્રમાણે વિશ્વકર્મા સમુદાયના કારીગરો આ રથોનું નિર્માણ કરે છે.

જેમ ભગવાનની મૂર્તિઓ નિંબવૃક્ષના કાષ્ઠમાંથી બને

છે, એ જ રીતે આ ત્રણેય રથ નિંબવૃક્ષના કાષ્ઠમાંથી બનાવવામાં આવે છે.

વસંતપંચમીના પવિત્ર દિવસે નીમ્બવૃક્ષની પસંદગી કરવામાં આવે છે. અક્ષયતૃતિયાના મંગલ દિવસે રથનિર્માણનો આરંભ થાય છે.

રથયાત્રા પ્રસંગે નિર્મિત થયેલ દરેક રથનાં નામ, રૂપ, રંગ, ઊંચાઈ વગેરે અલગ અલગ હોય છે. રથનાં રૂપ-રંગ ઉપરથી કયા રથમાં કયા દેવ બિરાજે છે ? એનો તુરંત ખ્યાલ આવી જાય છે.

ભગવાન જગન્નાથજીના રથનું નામ 'નંદીઘોષ' છે, જેને 'ગરુડધ્વજ' રથ અથવા તો 'કપિધ્વજ' રથ પણ કહેવાય છે. સોળ પૈડાંવાળા આ રથની ઊંચાઈ ૪૫.૬ ફૂટ હોય છે. રથને લાલ અને પીળા રંગના કપડાંથી શણગારવામાં આવે છે. આ રથમાં ભગવાન જગન્નાથજી બિરાજે છે. એમની સાથે ભગવાન મદનમોહન હોય છે.

બલરામજીના રથનું નામ 'તાલધ્વજ' છે, જેને 'મંગલધ્વજ' રથ પણ કહે છે. ચૌદ પૈડાંવાળા આ રથની ઊંચાઈ ૪૫ ફૂટ હોય છે, રથને લાલ અને લીલાં રંગના કપડાંથી શણગારવામાં આવે છે. આ રથમાં બલરામજીની સાથે ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણ બિરાજે છે.

સુભદ્રાદેવીના રથનું નામ 'દર્પદલન' છે. બાર પૈડાંવાળા આ રથની ઊંચાઈ ૪૪.૬ ફૂટ હોય છે, આ રથને લાલ અને કાળા રંગના કપડાંથી સજાવવામાં આવે છે. આ રથમાં સુભદ્રાદેવીની સાથે સુદર્શન ચક્ર બિરાજે છે.

પ્રત્યેક રથની પહોળાઈ પાંત્રીસ ફૂટ હોય છે, રથના પ્રત્યેક પૈડાનો વ્યાસ સાત ફૂટ હોય છે. આવા ભવ્ય મનોહર રથ દુનિયામાં બીજે ક્યાંય જોવા મળતા નથી.

પ્રત્યેક રથ ઉપર રથના અધ્યક્ષ તરીકે ગણેશજી વગેરે નવ-નવ દેવી-દેવતાઓ હોય છે, કુલ મળીને સત્યાવીસ દેવતાઓ રથસંચાલનની વ્યવસ્થા સંભાળે છે.

ખરેખર ભગવાન જગન્નાથજીની રથયાત્રા પ્રસંગે દેવો દ્વારા થતું મૅનેજમેન્ટ(સંચાલન) અદ્‌ભુત છે અને આજના મૅનેજમેન્ટના ખેરખાંઓએ ધડો લીધા જેવું છે. રથને ખેંચવા માટે લાંબાં લાંબાં મજબૂત દોરડાંઓ રથ સાથે બાંધેલાં હોય છે. જગન્નાથપુરીના મહારાજા સૌથી પ્રથમ રથનું દોરડું ખેંચી રથયાત્રાનો પ્રારંભ કરાવે છે, એટલું જ નહિ તેઓ હાથમાં સોનાનો સાવરણો લઈને રાજમાર્ગ વાળતાં વાળતાં રથની આગળ ચાલે છે, આમાં રાજાનો સેવકભાવ વ્યક્ત થાય છે.

રથયાત્રામાં ભગવાનનો રથ ખેંચવામાં રાજા-રંક, નાત-જાત કે ઊંચ-નીચનો કોઈ ભેદભાવ નથી. આ ભવ્ય શોભાયાત્રા હિન્દુઓની આસ્થા અને સમરસતાનું વિરાટ દર્શન છે.

રોજ તો ભગવાન જગન્નાથજી છપ્પનભોગ આરોગે છે, પરંતુ રથયાત્રામાં એમને માત્ર ફળ, ફૂલ અને સૂકા મેવાથી સંતોષ માની લેવો પડે છે. મુસાફરીમાં કષ્ટ તો ભગવાનનેય સહન કરવું પડે !

સવારમાં શરૂ થયેલી આ રથયાત્રા મોડી સાંજે જનકપુરમાં આવેલ ગુંડીચા મંદિરે પહોંચે છે. ગુંડીચા મંદિરનું નામ મહારાજ ઈન્દ્રદ્યુમ્નનાં મહારાણી ગુંડીચા દેવીના નામ ઉપરથી પડેલું છે. ગુંડીચા મંદિરની લંબાઈ ૪૩૦ ફૂટ અને પહોળાઈ ૩૨૦ ફૂટ છે. મુખ્ય મંદિર અને ગુંડીચા મંદિર વચ્ચે અંતર તો માત્ર ત્રણ કિ.મી. છે, પરંતુ ત્યાં પહોંચતાં આખો દિવસ પસાર થઈ જાય છે.

ગુંડીચા મંદિરમાં ભગવાન સાત દિવસ સુધી રોકાય છે, આ દરમિયાન ભગવાન જગન્નાથજીની મુખ્ય મંદિરમાં જે રીતે સેવા-પૂજા થાય છે અને ભોગ ધરાવાય છે, એ જ રીતે અહીં પણ સેવા-પૂજા થાય છે અને છપ્પન ભોગ ધરાવાય છે.

સાત દિવસ પછી ભગવાન પાછા મુખ્ય મંદિરે પધારે છે. આ રીતે અષાઢી બીજે આરંભ થયેલી રથયાત્રા અષાઢી દસમે પૂરી થાય છે. એક દિવસ જવાનો, એક દિવસ આવવાનો અને સાત દિવસ ગુંડીચા મંદિરમાં નિવાસ - આમ કુલ મળીને રથયાત્રા મહોત્સવ નવ દિવસ ચાલે છે. રથયાત્રા ઉપરાંત મંદિરમાં આખું વર્ષ અનેક પ્રકારના ઉત્સવો ધામધૂમથી ઊજવાયા કરે છે.

(વધું આવતા અંકે)

વર્ષ ૨૦૨૪-૨૫ નું ઝળહળતું પરિણામ

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા સદ્‌ગુરુ સંતોની કૃપાથી ગુરુકુલ દ્વારા ચાલતા વિદ્યાદાનના કાર્યમાં સતત સફળતા મળતી રહે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન લેવાયેલ બોર્ડની પરિક્ષાઓમાં SGVP ગુરુકુલની તમામ શાખાઓના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી છે. પ્રથમ ત્રણ ક્રમાંકિત વિદ્યાર્થીઓની યાદી નીચે મૂજબ છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય મેમનગર - અમદાવાદ

ધોરણ ૧૦

ધોરણ ૧૨

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર કુમાર વિદ્યાલય

ધોરણ ૧૦

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર કુમાર વિદ્યાલય

ધોરણ ૧૨

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર કન્યા વિદ્યાલય

ધોરણ ૧૦



ધોરણ ૧૨

દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય

ધોરણ ૧૦

1. 99.17 PR — ઓ.વી. શ્રીપ્રિયા
2. 96.97 PR — તિવારી સૂર્યપ્રકાશ
3. 91.75 PR — ભટ્ટ પ્રશિલ

ધોરણ ૧૨

1. 98.13 PR — ઠાકર દિક્ષિત
2. 96.85 PR — શીલુ ઉત્તમ
3. 91.20 PR — જોષી કેશવ
3. 91.20 PR — દવે ક્રિશ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રીબડા

ધોરણ ૧૨

1. 95.40% — સાકાસણિયા પર્લ
2. 95.00% — નસીત રિદ્ધી
3. 94.40% — વામજા વિશ્વા

1. 95.60% — સખિયા અન્જલ
2. 95.20% — શેરઠિયા હેત્વી
3. 93.20% — ફુલ્દુ તનિશ્કા
4. 93.20% — ખોખર સમર્થ
5. 93.00% — બાબરિયા આશી

SGVP ઇન્ટરનેશનલ સ્કુલ

ધોરણ ૧૦ ICSE

1. 96.4 % — સરદા પર્વ
2. 95.73 % — ઉપાધ્યાય જૈવલ
3. 95.67 % — પટેલ યશ

ધોરણ ૧૨ SCIENCE - ISC

1. 88.5 % — પટેલ માન્ય
2. 88.25 % — અભિજાન ચેટરજી
3. 87.25 % — પટેલ આર્યન

ધોરણ ૧૨ COMMERCE - ISC

1. 93.5 % — પટેલ જય
2. 91.5 % — પટેલ હર્ષલ
3. 90.25 % — પટેલ દિવ્ય

સત્સંગ ક્વિઝ - ૨



અગત્યની સૂચના

1. આ કોયડાની મદદથી "ગમ્મત સાથે જ્ઞાન" માટે સુગમ અને સરળ પ્રયાસ કરેલ છે.
2. જે હરીભક્તો કોયડાના સાચા જવાબનો ફોટો 95860 15551 નંબર પર મોકલશે તેના નામ આગળના અંકમાં લખવામાં આવશે.
3. દશ કોયડાનાં સાચા જવાબ મોકલનારને આવનારા ઉત્સવમાં સંતો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે.
4. સાચા જવાબ શોધવા માટે કોઈ વ્યક્તિ તથા સત્શાસ્ત્રોની મદદ લઈ શકાશે.

આડી ચાવી

1. જૂનાગઢ દેશનાં અધિષ્ઠાતા દેવ. (૫)
4. ધોલેરા ગામના પુંજાભાઈના બહેન, કાઠી દરબારોને માખણના ભજિયા જમાડનાર ..... બા. (૨)
5. ગામ ગોલિડાના રાણા રાજગોરે લાકડાની ગેડી લઈને ..... ભગાડ્યા હતા. (૨)
6. જેના પ્રેમને વશ થઈને શ્રીજી મહારાજ ગોપી બન્યા હતા, ગામ ધમડકાના સ્ત્રી ભક્તો. (૪)
8. શ્રીજી મહારાજના સખા ભક્તરાજ. (૫)
9. શિક્ષાપત્રીમાં બતાવેલ રાજાનાં ચાર ઉપાય માહેલો એક ઉપાય. (૨)
10. પીપા ..... ન કીજીયે તો પુણ્ય કિયા સો બાર કિસી કા લિયા નહિ તો દિયા સો બાર. (૨)
11. શિક્ષપત્રીમાં ૫ દેવને પૂજ્ય માનવાના કહેલ છે તે પાંચમાં એકનું સમાનાર્થિ નામ. (૨)
12. દાદા ખાચરનાં પિતા એભલબાપુનું બીજુ નામ. (૩)
14. મહારાજે દરેક આશ્રિતને વડતાલ મંદિરે બન્ને ભુજા ઉપર..... ને ગ્રહણ કરવી તે આજ્ઞા કરેલ છે. (૨)
16. કમ ખાઓ, ... ખાઓ, નમ જાઓ. (૨)
17. ..... સેવકને રે સુખ દેવાને કાજ પોતે પ્રગટ્યા રે પુરુષોત્તમ મહારાજ. (૨)
18. રામાનંદ સ્વામીએ મહારાજને ગાદી સોંપી તે ગામ. (૪)
20. દેવાનંદ કહે જમાન આવ્યા જમ ખરા ખેધુ, ઘેલા ..... ને પીધુ રે તે તો ..... પીધુ રે. (૨)
21. અલબેલા આવો મારે ઘેર રે કેજાઊં.....વારણે રે લોલ. (૨)
22. વચનામૃત સાળંગપુર-૧૫ માં મહારાજે મુગ્ધા ગોપીના લક્ષણમાં કહે છે વધુ છેરે તે ભગવાન ઉપર .....કરે અને તોછડા વચન બોલે છે. (૨)
23. પૂજ્ય જોગી સ્વામીની જન્મ ભૂમિ ..... . (૩)
24. ચાર અંતઃકરણ માહેલું એક. (૨)
25. અબ તો ..... નિભાઈ લીજે, જેહિ ભુજ તારે પતિત બહુ તાકો, નેક સહારો દીએ. (૨)

ઊભી ચાવીઓ

1. શ્રીજી મહારાજે સ્વહસ્તે લખેલ શિક્ષાપત્રી સર માલ્કમ સાહેબને આપેલ તે ગામ. (4)
2. યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્..... પરમં મમ ॥ (2)
3. શિક્ષાપત્રીના ચોથા શ્લોકમાં જે ગૃહસ્થ હરીભક્તનું નામ છે. (4)
4. બાલ ઘનશ્યામના કાન પાસેથી ચકલી .....કરતી ઊડી તો ભક્તિમાતા ચકલીને ખીજાયા. (3)
6. જે ભક્તના પ્રેમને વશ થઈને શ્રીજી મહારાજ તેની દુકાને શાક વેચવા બેઠા હતાં. તે કંથકોટ ગામના ભક્તરાજ. (6)
7. શ્રીજી મહારાજ દાદા ખાચરની જાન લઈને પરણાવા ગયા હતા તે ગામ. (5)
8. ભગવાન શ્રીકૃષ્ણના બાળ સખા. (3)
11. પ્રસ્થાન ત્રયી માહેલું એક શાસ્ત્ર. (5)
13. પાપી જીવ માટે દેહ છોડ્યા પછીનું સરનામું. (4)
15. ભણવામાં કાંઈ જ ન આવડે તેવું. (1)
18. અટક મટક એની ચાલ ચટક, બ્રહ્મચારી ..... નો પ્યારો, મારે મન વસ્યો છે. (3)
19. સર્વેન્દ્રિયાણિ જેયાનિ .....તુ વિશેષતઃ । ન દ્રવ્યસંગ્રહઃ કાર્યઃ કારણીયો ન કેનચિત્ ॥ શિક્ષાપત્રી-189 (3)
20. જામનગરના રાજા ..... જામ, જેના દરબારમાં અભેસિંહે દારુ માટે પોતાનું મસ્તક કપાવવા તૈયાર થયેલા. (૨)

સમાચાર દર્શન

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, મવડી-રાજકોટ

શ્રીહરિ સંસ્કાર કેન્દ્ર, મવડી-રાજકોટ ખાતે તા. ૧૭ થી ૨૧ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ શહેર ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયથી સત્સંગના રંગે રંગાયું છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સંતોએ અહીં ખૂબ પોષણ કર્યું છે. આવા રાજકોટ શહેરમાં પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા અને પરમ પૂજ્ય સદ્‌ગુરુ પૂરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના પાવન સાંનિધ્યમાં તૈયાર થયેલ સંસ્કાર કેન્દ્રમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો હતો. વડતાલ પીઠાધીપતિ શ્રી રાકેશપ્રસાદજી મહારાજે પધારીને મૂર્તિપ્રતિષ્ઠાની વિધિ પૂર્ણ કરી હતી.

પંચદિવસીય આ મહોત્સવમાં પ્રતિષ્ઠાયજ્ઞ, વ્યાખ્યાનમાળા, શોભાયાત્રા જેવા વિવિધ આયોજનો રાખવમાં આવ્યા હતા. આ પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્ય રામપ્રિયજી, પંડિતો તથા ઋષિકુમારો દ્વારા સંપૂર્ણ વૈદિક વિધિથી સંપન્ન થયો હતો.

ભગવાન શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ મહારાજની રમણીય મૂર્તિઓના વિવિધ વિધાનો સાથે ભવ્ય-દિવ્ય અભિષેક થયો. પાંચ દિવસ સુધી વિવિધ ઉપચાર દ્વારા પ્રાણપૂર્તિ કરવામાં આવી. અંતે આચાર્ય મહારાજશ્રીએ પ્રતિષ્ઠાની આરતી કરી મહોત્સવ સંપન્ન કર્યો. આ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય મહારાજશ્રીએ જણાવ્યું હતું કે આજે સદ્‌ગુરુ શ્રીહરિદાસજી સ્વામીની સ્મૃતિમાં તૈયાર થયેલ આ સંસ્કાર કેન્દ્ર દ્વારા અનેક લોકોના જીવન સંસ્કારી બનશે. અહીં ભગવાન શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ મહારાજ તથા શ્રીજી મહારાજ સ્થાપિત છએ મંદિરોમાં બિરાજમાન દેવોનાં દર્શન થઈ રહ્યા છે, જે અત્યંત આનંદની વાત છે. સંપ્રદાયની શુદ્ધ પ્રણાલી અહીં સચવાઈ રહી છે તે જોઈને હર્ષ થાય છે. શાસ્ત્રીજી મહારાજની પરંપરા સંતો દ્વારા જળવાઈ રહી છે, તેથી SGVP ગુરુકુલ પરિવાર ધન્ય છે.

આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ આચાર્ય મહારાજશ્રીના ચરણોમાં વંદન કરી આભાર વ્યક્ત કર્યો હતો. તથા આ સંસ્કાર કેન્દ્ર જેમના ખૂબ મોટા યોગદાનથી તૈયાર થયું છે એવા રતનબાના સમર્પણ અને ભક્તિની પણ પ્રશંસા કરી હતી.

આ મહોત્સવની સાથે સાંથે રાજકોટ પાસેના મુંગા વાવડી ગામે SGVP ગુરુકુલ દ્વારા નૂતન નિર્માણ પામેલ મંદિરમાં પણ મૂર્તિપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. અહીં પણ આચાર્ય મહારાજે પ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરાવી હતી.

બાલ સંસ્કાર શિબિર-૨૦૨૫

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ખાતે વેકેશન દરમિયાન, તારીખ ૦૫ થી ૧૧ મે, ૨૦૨૫ દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા તથા પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શનથી બાલ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં બાળકોને સત્સંગ સાથે શિક્ષણના મૂલ્યોનું સિંચન કરવાનો ઉદ્દેશ્ય હતો, જેમાં ૫૦૦ જેટલા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. છ દિવસ સુધી ચાલેલી આ શિબિરમાં અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને સંતો દ્વારા અને બાલિકાઓને સાંખ્યયોગી બહેનો દ્વારા સત્સંગની વિવિધ ક્રિયાઓ જેવી કે દંડવત, પૂજા, વંદન અને શાસ્ત્રવાચનનું જ્ઞાન આપવામાં આવ્યું હતું. શિબિરમાં માતા-પિતાની સેવા અને વડીલો પ્રત્યે આદરભાવ જેવા મહત્વપૂર્ણ સંસ્કારોનું શિક્ષણ પણ આપવામાં આવ્યું હતું.

શારીરિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે કેમ્પસમાં ઉપલબ્ધ સ્વિમિંગ, હોર્સ રાઈડિંગ, ક્રિકેટ અને ફૂટબોલ જેવા રમતના મેદાનોની સુવિધાઓનો ઉપયોગ કરીને બાળકોએ ખૂબ જ આનંદ માણ્યો હતો. આ શિબિર દરમિયાન પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા અન્ય પૂજ્ય સંતોએ બાળકોને હળવી શૈલીમાં વાર્તાઓ દ્વારા જીવન મૂલ્યોનો બોધ આપ્યો હતો. શિબિરના અંતે વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા બાળકોને ઈનામો પણ આપવામાં આવ્યા હતા. શિબિર સમાપન પ્રસંગે યોજવામાં આવેલ માતૃ-પિતૃવંદના કાર્યક્રમ ભાવવિભોર કરનારો રહ્યો હતો.

આ સમગ્ર શિબિરનું સફળ આયોજન શાસ્ત્રી શ્રી

સર્વમંગલદાસજી સ્વામી, પૂજ્ય શ્રુતિવલ્લભદાસજી સ્વામી અને અન્ય નાના સંતોએ કર્યું હતું. સાથે વ્યવસ્થામાં સાંખ્યયોગી બહેનો, ગુરુકુલના વિદ્યાર્થીઓ તેમજ અનેક હરિભક્તો અને બહેનોએ સક્રિયપણે સહયોગ આપ્યો હતો. આ શિબિર બાળકો માટે એક યાદગાર અને સંસ્કારયુક્ત અનુભવ બની રહી.

ચપ્પલ વિતરણથી સેવાયજ્ઞ

પંદર વર્ષથી ચાલુ કરુણાની આ અદ્‌ભુત પરંપરા ! ઉનાળાની તીવ્રતા વચ્ચે જમીન પર પગ મૂકતા તપી ઊઠાય એવા સમયે, SGVP ગુરુકુલ અમદાવાદ દ્વારા માનવતાના મીઠા સ્પર્શરૂપે દર વર્ષે જરૂરિયાતમંદો માટે ચપ્પલ વિતરણનું પાવન સેવા કાર્ય યોજાય છે. આ સેવાયજ્ઞને આ વર્ષે પણ ઉલ્લેખનીય સ્વરૂપ આપવામાં આવ્યું.

સંસ્થાના અધ્યક્ષ પરમ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન અને પ્રેરણાથી સંસ્થા દ્વારા તારીખ ૪ મે, ૨૦૨૫ના રોજ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૧,૦૦૦થી વધુ ચંપલની જોડી જરૂરીયાતમંદો સુધી પહોંચાડવામાં આવી. આશરે ૨૫૦ સ્વયંસેવકોની ટીમે અમદાવાદના રસ્તા, ગલીઓ અને ખૂણાઓ સુધી પહોંચી, પગરખાં વગરના દરિદ્રનારાયણના પગમાં ભાવપૂર્વક ચંપલ પહેરાવ્યા.

આ સેવા પ્રવૃત્તિ માત્ર પગરખાંનું વિતરણ નથી, તે માનવતા અને કરુણાની જીવંત અભિવ્યક્તિ છે. છેલ્લા ૧૫ વર્ષથી SGVP ગુરુકુલ દ્વારા અવિરતપણે ચાલતી આ પરંપરા સમાજમાં સેવાનું જીવંત પ્રતિક બની છે. આગામી સમયે આ જ રીતે ભવ્ય આમ્રોત્સવ ઉજવાશે. દસ હજાર કિલો ઉપરાંત કેસર કેરી ભગવાનને ધરાવી પ્રસાદ સ્વરૂપે દરિદ્રનારાયણ સુધી પહોંચશે.

હસ્તપ્રત વાંચન-લેખન કાર્યશાળા

સંસ્કૃત સાહિત્ય અકાદમી તથા SGVP દર્શનમ્ સંશોધન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે આયોજિત હસ્તપ્રત વાંચન તથા લેખન કાર્યશાળાનું ઉદ્‌ઘાટન તા. ૧ મે, ૨૦૨૫ના રોજ ગુજરાત સ્થાપના દિને કરવામાં હતું. ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશભાઈ ઝા વિશિષ્ટ મહેમાન તરીકે ઉપસ્થિતિ રહ્યા હતા. તથા આ સમગ્ર કાર્યશાળાનું માર્ગદર્શન તથા પ્રશિક્ષણ આપનારા શ્રી ચેતનભાઈ ભોજક પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી ભાગ્યેશભાઈએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, પંદર લાખ હસ્તપ્રતો તમારી રાહ જોઈ રહી છે. તમે લીપીને જાણો અને ઉકેલો. આપનું આ કાર્ય સંસ્કૃત અને આપણા ગ્રંથો માટે ખૂબ મોટું યોદગાન રહેશે.પૂજ્ય સ્વામીજીએ ઓડિયો સંદેશ દ્વારા જણાવ્યું હતું કે, લીપી એ અમૃત કુંભ છે. એ કુંભનું દ્વાર ખોલીને અમૃત પીવાનું છે. અનેક રહસ્યો ગ્રંથોના ગર્ભમાં પડ્યા છે એને સમાજ સમક્ષ મુકવાના છે. અંતે આશીર્વાદ આપતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગરનો વિશેષ આભાર માન્યો હતો તથા દર્શનમ્ સંશોધન કેન્દ્ર સાથો જોડાઈને આ અદ્‌ભુત કાર્યશાળાનું આયોજન કરવા બદલ અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશભાઈ તથા મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવને અભિનંદન પાઠવ્યા હતા.

સત્સંગ ક્વિઝ - 1 ના જવાબ



સાચા જવાબ આપનારનાં નામ

1. લખન લાભશંકરભાઈ દવે - દર્શનમ્
2. નીતાબેન પટેલ - અમદાવાદ
3. આદિત્ય દુર્ગેશભાઈ દવે - દર્શનમ્
4. ચંદ્રકાન્ત શાંતિલાલ શાહ - મેમનગર, અમદાવાદ
5. જયશ્રીબેન જગદીશભાઈ મહેતા - માટુંગા, મુંબઈ
6. રવિભાઈ સોની - બોટાદ
7. ભાવનાબેન વિનુભાઈ દુધાત - વાપી
8. કોકિલાબેન પટેલ - ચાંદલોડિયા, અમદાવાદ
9. એશાબેન પાર્થભાઇ પટેલ - મેમનગર, અમદાવાદ

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી પ્રવીણચંદ્ર નારણદાસ પટેલ :- ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સર્વ સદ્‌ગુરુ સંતોના અત્યંત કૃપાપાત્ર અને ગુરુકુલના અનન્ય સેવક ગોંડલ નિવાસી શ્રી પ્રવિણભાઈ પટેલ તા. ૧૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. પ્રવિણભાઈ હાલતું-ચાલતું ગુરુકુલ હતા. એમની નિષ્ઠા અને સેવા અપાર હતા. ભગવાન શ્રીહરિ, સંતો તથા ભક્તો પ્રત્યે અપાર હેત ધરાવનારા પ્રવિણભાઈએ ગુરુકુલમાં ખૂબ સેવાઓ કરી પોતાનું જીવન ધન્ય બનાવ્યું. પૂજ્ય સ્વામીજી તથા બાલકૃષ્ણદાસજી સ્વામી પ્રત્યે ગુરુભાવ રાખી ખૂબ સેવા કરી હતી. ભગવાન શ્રીહરિ પ્રવિણભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સુપુત્ર પીયૂષ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મનજીભાઈ અંબારામભાઈ પટેલ :- ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા સંતોના કૃપાપાત્ર ગામ ધરમપુર, હાલ અમદાવાદ નિવાસી શ્રી મનજીભાઈ પટેલ તા. ૯ મે, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી સાથે અપાર હેત ધરાવનારા મનજીભાઈની ગુરુકુલમાં ખૂબ સેવાઓ રહી છે. આ પરિવાર ખૂબ સમર્પિત ભાવે ગુરુકુલ સાથે જોડાયેલો છે. મનજીભાઈનું પવિત્ર જીવન, ભગવાન તથા સંતો પ્રત્યે હેત ધરાવનારા મનજીભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સુપુત્રો હર્ષદભાઈ, પ્રદિપભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મોહનભાઈ કેશવભાઈ બુટાણી :- ગામ કુંભણ નિવાસી તથા ગુરુકુલના અનન્ય સેવક શ્રી મોહનભાઈ બુટાણી તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ મોહનભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા મગનભાઈ, લક્ષ્મણભાઈ, રમેશભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી બાબુભાઈ મોતીભાઈ પટેલ :- ગામ ધરમપુર નિવાસી તથા ગુરુકુલના સેવાકાર્યોમાં નિષ્ઠાથી જોડાયેલા શ્રી બાબુભાઈ પટેલ તા. ૧૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. બાબુભાઈ એકાંતિક ભક્ત હતા. શ્રીજી મહારાજ તથા સંતોમાં અપાર હેત હતું. ભગવદ્મય જીવન જીવીને સૌને પ્રેરણા પૂરી પાડનારા બાબુભાઈના પવિત્ર આત્માને ભગવાન પોતાની મૂર્તિના સુખે સુખિયા કરે તથા કૃણાલભાઈ, ઓધવજીભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી વિનયકાંતભાઈ હીરાભાઈ પટેલ :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલના સેવાકાર્યોમાં નિષ્ઠાથી જોડાયેલા પરિવારના વિનયકાંતભાઈ પટેલ તા. ૨૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ વિનયકાંતભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા નિમેશભાઈ, હિરેનભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી દામોદરભાઈ મૂળજીભાઈ કાથરોટિયા :- ગામ દુધાળા, હાલ સુરત નિવાસી શ્રી દામોદરભાઈ કાથરોટિયા તા. ૨૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ દામોદરભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા હિરેનભાઈ, કેવલભાઈ, જેરામભાઈ, કિશોરભાઈ, મનિષભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી મણિબેન કનુભાઈ રાખોલિયા :- ગામ ખીજડિયા નિવાસી શ્રી મણિબેન રાખોલિયા તા. ૧૨ મે, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ મણિબેનના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા ધીરુભાઈ, મધુભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી શૈલેષભાઈ દેવરાજભાઈ કાકડિયા, અમદાવાદ
પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ સુવા, અમદાવાદ
અ.નિ. શ્રી પ્રવિણભાઈ શાહ, યુ.કે.
પ.ભ. શ્રી ઓમ ભાવિનભાઈ પટેલ, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૪/૦૬/૨૫, બુધવાર : **શ્રીહરિ જયંતી** : સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૦૫/૦૬/૨૫ : ગુરુવાર **શ્રીહરિ અંતર્ધાન લીલા સભા** : સવારે ૯:૦૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ
તા. ૦૭/૦૬/૨૫, શનિવાર : **ભીમ એકાદશી**
તા. ૨૨/૦૬/૨૫, રવિવાર : **યોગીની એકાદશી**
તા. ૨૭/૦૬/૨૫ : શુક્રવાર **રથયાત્રા મહોત્સવ : ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ જન્મદિન** : બપોરે ૨:૦૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ

SGVP®
HOLISTIC
HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

sgvpholistichospital.org |



DEPARTMENT OF

MEDICAL & SURGICAL ONCOLOGY

MEDICAL ONCOLOGY

• Cancer Screening (Diagnosis of Cancer) • Chemotherapy

DR. ASHISH KAUSHAL
MD, DM (Medical Oncology)
Medical Oncologist & Haematologist

DR. MANSHI SHAH
MD (Internal Medicine), MD (Medical Oncology)
Medical Oncologist

SURGICAL ONCOLOGY

Gynec Cancer

DR. VIRAL PATEL
DNB, M.ch.
Gynec Onco & Robotic Surgeon

Ortho Cancer

DR. JAYMIN SHAH
MS (Ortho)
Orthopedic Oncosurgeon

Head & Neck Cancer

DR. ADITYA JOSHIPURA
MS, M.CH (Surgical Oncology)
Head & Neck Onco Surgeon

Breast Cancer

DR. TANAY N. SHAH
MS (Gen. Surgery), FMAS, DNB (Surgical Oncology)
Breast Onco Surgeon

GI & HPB Cancer

DR. ASHOKKUMAR DESAI
MS, M.Ch, DrNB, FALS, FMAS
GI & HPB Oncosurgeon, Gastro Surgeon

HEAMATO ONCOLOGY

Blood Cancer Treatment

DR. ABHISHEK DUDHATRA
MD (Medicine), DNB (Haematology)
Heamato Oncologist

DR. KSHITIJ DOMADIYA
MD (Medicine), DNB (Medical Oncology), ECMO
Heamato Oncologist

DR. NISARG THAKKAR
MD, DrNB (Heamatology, Heamato Oncologist)
Bone Marrow Transplant Physician

For Appointment : 95122 00122, 02717 240001

SGVP Campus, Opp. Nirma Uni., S.G Highway, Ahmedabad.

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2025-2027
Valid Upto 31-12-2027 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at PSO Ahmedabad on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQR/092/2025-2027 valid upto 31-12-2027. Date of Publication is 25th of every month.

SGVPની નૂતન શાખા શ્રીહરિ સંસ્કાર કેન્દ્ર મવડી-રાજકોટ ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે અભિષેક દર્શન. પ્રતિષ્ઠાની આરતીનાં દર્શન તથા સભાને આશીર્વાદ પાઠવતા પૂજ્ય આચાર્ય મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મંદિર - મુંગાવાડી (રાજકોટ) ખાતે SGVP દ્વારા નિર્માણ પામેલ નૂતન મંદિરમાં પ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, સંતો તથા ગામના ભક્તજનો

To.

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-